ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૩ ટકા

# મોર્નિંગ વોક બાદ આરોગ્યવર્ધક જ્યૂસ પીવો અને તાજા રહો

ગાંધીનગર, તા. ૩૦

આજના યુગમાં ફાસ્ટફૂડનો ટ્રેન્ડ વધ્યો છે. જીભને ચટાકા આપતી વાનગી આરોગ્યના ચસ્કામાં આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. બીજી તરફ શહેરના નાનાથી લઈ મોટેરા હાડમારીભર્યા જીવનમાં સતત તનાવ સાથે જીવી રહ્યા છે. તણાવયુક્ત જીવનશૈલીને લીધે નગરજનો હેલ્થ કોન્શિયસન્સ પણ બની રહ્યા છે. પોતાના સ્વાસ્થ્યને નિરોગી રાખવા વહેલી સવારે મોર્નિંગવોક કરનારાઓની સંખ્યા પણ વધી છે. સ્વર્ણિમપાર્ક અને સેક્ટરોના વોક-વે પાસે સવારે શહેરીજનો કસરત સાથે વોકીંગની મજા લે છે. આ ઉપરાંત ત્યાં મળતા અલગ અલગ પ્રકારના સ્વાસ્થ્યવર્ધક જ્યુસ પણ પીવે છે. શહેરમાં છ થી સાત જગ્યાએ વહેલી સવારે વિવિધ શાકભાજી અને ફ્રૂટથી બનેલા સ્વાસ્થ્યવર્ધક જ્યૂસ મળી રહ્યા છે. દરેક સિઝન મુજબ વિવિધ શાકભાજી કઠોળ અને ફ્રૂટ્સના રસ પીને શહેરીજનો મોર્નિંગ વોકમાં તાજગી અનુભવી રહ્યા છે.







હેલ્થ કોન્શિયસ શહેરીજનો જ્યારે મોર્નિંગવોક પર નીકળે અથવા તો જીમથી પરત ફરે ત્યારે તેઓ વધુ પાણી અને જ્યુસ પીવાનો આગ્રહ રાખતા હોય છે. શહેરમાં વિવિધ જગ્યાએ આ જ કારણસોર સ્વાસ્થ્યવર્ધક જ્યુસનું વેચાણ થઈ રહ્યું છે. જે સ્વાસ્થ્યવર્ધક હોવાની સાથે ડાયાબીટીસ, સાંધાના દુઃખાવા અને ખાસ તો ડાયટ માટે ઉપયોગી છે. જ્યુસ વેચતા કરશનભાઈ રાણા તેઓ બીટ, ગાજર, આમળા, દૂધી, પાલક, કારેલા, સરગવા, મિશ્ર વેજીટરીયન,. મગ, જામફળ, કાચી કેરી, વરિયાળી, કાળી દ્રાક્ષ, કુંવારપાઠુ, કડવુ કડિયાતુ, બીટ બ્રોકલીના સૂપ અને જ્યૂસ તથા ઉનાળામાં સ્પેશિયલ બાફલો બનાવી વેચાણ કરે છે. તેમના કહ્યા મુજબ આમ તો સૌથી વધુ જ્યુસનો ક્રેઝ શિયાળાની ઋતુમાં હોય છે. પરંતુ હાલ ઉનાળામાં પણ શહેરીજનો દ્વારા જ્યૂસ લેવાય છે. દિવસના લગભગ ૮૦ થી ૧૦૦ ગ્લાસ જેટલા જ્યુસનું વેચાણ થાય છે. ખાસ કરીને ડાયેટ કરતા અને નાના મોટા હેલ્થથી પ્રોબ્લેમ ધરાવતા શહેરીજનો આ જ્યૂસ પીવાનો આગ્રહ રાખે છે. આ ઉપરાંત યંગસ્ટર્સ પણ સાયકલિંગ અને વોક કરીને જ્યુસ લઈ રહ્યા છે. અમુક તો ફક્ત જ્યુસ પીવા પણ મુલાકાત લઈ રહ્યા છે. કહી શકાય કે પાટનગરમાં હવે હેલ્થ કોન્શીયસન્સ વધી રહી છે કે નાનાથી મોટા દરેક વોકિંગ ટ્રેક પર વોક અને કસરત કરતા અને આરોગ્યવર્ધક જ્યૂસ પીતા જોવા મળી રહ્યાં છે.

# સેક્ટર-૨૦ના યુવકને લાગી આવતા ઝેરી દવા ગટગટાવી


**મોબાઈલ ચોરીની શંકાને પગલે બે મિત્રોએ માર મારતા યુવકને લાગી આવતા ઝેરી દવા પીધી : સારવાર મળતા યુવકનો આબાદ બચાવ**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૦ ખાતે રહેતો અને અક્ષરધામ નજીક ચાની લારી ચલાવતા યુવકને પોતાના બે મિત્રોએ મોબાઈલ ચોરી કર્યાની શંકાને આધારે માર મારતા યુવકને લાગી આવ્યું હતું. જેથી યુવકે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો.જયા સમયસર યોગ્ય સારવાર મળી જતા યુવકનો જીવ બચી ગયો હતો. યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૦ માં રહેતો અને અક્ષરધામ સામે ટી સ્ટોલ ચલાવતા યુવક મૌલિકગીરી વિક્રમગીરી ગોસ્વામી (ઉં.વ.૨૩) ત્રણેક માસ પહેલા પોતાના મિત્ર રણજીતસિંહ જુજારસિંહ વાઘેલા અને સન્ની બાબુલાલ પરમાર અને બીજા મિત્રો સાથે રાજસ્થાન ફરવા ગયા હતા. રાજસ્થાનથી પરત ફરતા સમયે શામળાજી નજીક તેમની કારને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં રણજીતસિંહને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે રણજીતસિંહ અને સન્નીનો મોબાઈલ ગાયબ થઈ ગયો હતો. મોબાઈલની શોધખોળ કરતા સન્નીનો મોબાઈલ મળી આવ્યો હતો. પરંતુ રણજીતનો મોબાઈલ ન મળતા તેને મૌલિકગીરી પર શંકા ગઈ હતી. જે અંગે તે વારંવાર ઝઘડો કરી મોબાઈલની માંગ કરતો હતો. ગતરોજ બપોરના સુમારે બોરીજ ખાતે રહેતા સન્ની અને રણજીતે ફોન કરીને મૌલિકગીરીને બોરીજ જૈન દેરાસરવાળા પરામાં મળવા માટે બોલાવ્યો હતો. બંન્ને મિત્રોએ મૌલિક સાથે ઝઘડો કરીને પટ્ટા તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. સ્થાનિક વસાહતીઓ ઝઘડામાં વચ્ચે પડ્યા હતા અને મૌલિકને છોડાવતા તે ઘરે જતો રહ્યો હતો. પરંતુ ફોન ચોરીની શંકાને પગલે તેમજ બે મિત્રોએ તેને મોબાઈલની બાબતે મારતા તેને લાગી આવ્યું હતું. આ ઘટના બાદ તેનો પરિવાર બહાર સુતો હતો અને મૌલિક ઘરની અંદર સુઈ રહ્યો હતો. ઘરમાં એકલા રહેલા મૌલિકે ખેતરમાં નાંખવાની દવા પી લીધી હતી. દવા પી લીધાની જણા પરિવારના સભ્યોને થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સમયસર સારવાર મળી રહેતા યુવકનો જીવ બચી ગયો હતો. યુવક ભાનમાં આવતા બે મિત્રો સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# સે-૨૨માંથી ઝુંપડાના ૧૦ દબાણો દુર કરાયા





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમ ફરીવાર સક્રિય થઈ ગઈ છે. શહેરમાં થોડા મહિના અગાઉ દબાણ ટીમે સપાટો બોલાવતા દબાણકારો ભયમાં મુકાઈ ગયા હતા. ત્યારબાદ દબાણ ટીમ નિષ્ક્રીય બની ગઈ હતી. પરંતુ આજે ફરીવાર ટીમે સેકટર-૨૨ ખાતે સપાટો બોલાવ્યો છે. દબાણ ટીમે મેયરના વોર્ડમાંથી ૧૦ જેટલા ઝુંપડાના દબાણો દુર કર્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં દબાણ ટીમ ત્રાટકતા દબાણકારોમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારે આગામી સમયમાં પણ દબાણ ટીમ દ્વારા કડક કામગીરી કરવામાં આવશે તેમ દબાણટીમના અધિકારી મહેશ મોડે જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ કાર્યરત થઈ ગઈ છે. દબાણ ટીમ દ્વારા સે-૨૨ની ચોતરફ ફેલાયેલા ઝુંપડાના દબાણો દુર કરવામાં આવ્યા હતા. શહેરના મેયરના વોર્ડમાંથી જ દબાણ ઝુંબેશ શરુ કરવામાં આવી છે. ૧૦ જેટલા દબાણો ટીમ દ્વારા દુર કરાયા છે. ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં ઝુંપડા ધારકોની હાલત કફોડી બની જવા પામી હતી. ત્યારે તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ ફરીવાર સક્રિય થતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. તો બીજી તરફ દબાણ ટીમ દ્વારા આગામી સમયમાં પણ વિવિધ સેકટરોમાં દબાણની કામગીરી કરવામાં આવશે. જયારે ટીમ હવે ગમે ત્યારે ગમે તે સમયે દબાણકર્તાઓ પર ત્રાટકશે. જયારે દબાણનું ભુત શહેરમાં ફરીવાર ધુણતા વેપારીઓ પણ અચંબામાં પડી ગયા છે.

## ઝુંડાલ ગામે જોગણી માતાજીના મંદિર પાસેથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામે જોગણી માતાજીના મંદિર પાસે જુગાર રમતા ૫ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. અડાલજ પોલીસે શકુનીઓ પાસેથી રોકડ રૂ. ૬૮,૬૮૦ સાથે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પોલીસને બાતમી મળી હતી કે ઝુંડાલ ગામે જોગણી માતાજી મંદિર પાસેના ચોક ખાતે સાંજે ચાર વાગે રેઈડ કરી હતી. જેમાં ઘટના સ્થળેથી હારજીતની બાજી માંડીને બેઠેલા ઝુંડાલના પોપટ મણાજીઠાકોર, ગાભાજી કચરાજી ઠાકોર, ભલા સુરસંગ ઠાકોર, તેમજ કલોલ સઈજના ગોકા છનાજી ઠાકોર, જીગર મધુભાઈ મકવાણા રંગેહાથ પકડાઈ ગયા હતા. પોલીસે પાંચ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૬૨,૨૩૦ રોકડા અને દાવ પર લાગેલા રૂ.૬૪૫૦ મળી કુલ રૂ.૬૮,૬૮૦ જપ્ત કર્યા છે. અડાલજ પોલીસે તમામ વિરુધ્ધ જુગારધારા અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજથી સેક્ટર-૧ ખાતે ભવ્ય શિવ મહાપુરાણ કથા આરંભાશે

ગાંધીનગર, તા. ૩૦

દેવાધી દેવ મહાદેવજીના આશિર્વાદથી ભવ્ય શિવકથાનું દિવ્ય આયોજન શ્રી મહાકાલેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસપીઠે સંગીતમય કથા યોજાશે. કથા પ્રારંભ તા. ૧-૫-૧૯ બુધવાર થી તા. ૭-૫-૧૯ એમ સાત દિવસ સુધી ચાલશે. સમય દરરોજ રાત્રે ૮ કલાકથી ૧૧ કલાક સુધી ચાલશે. શુભ સ્થળ શ્રી મહાકાલેશ્વર મહાદેવ મંદિર, ગાયત્રી મંદિર પાસે, સેક્ટર-૧ ગાંધીનગર ખાતે સમગ્ર સેક્ટર-૧ અને મહાકાલેશ્વર મંદિર સમિતિ દ્વારા ભવ્ય આયોજન કરેલ છે.

આવતી કાલે ચંદુભાઈ પટેલના ઘરેથી ભવ્ય પોથીયાત્રા નિકળી કથા સ્થળે જશે. કથામાં બાર જ્યોતિલિંગ પ્રાગટ્ય કથા, માતાજી પ્રાગટ્ય મહોત્સવ, શિવ વિવાહ મહોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેનો લાભ લેવા સમિતિના પ્રમુખ નારણભાઈ પટેલ દ્વારા સૌ નગરજનોને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# શહેરના યુવકે કાર સસ્તી મેળવવા જતા ૪ લાખ ગુમાવ્યા

**યુવકને કાર કે રૂપીયા તો ન મળ્યા પરંતુ મારી નાંખવાની ધમકી મળતા યુવકે પોલીસ ફરીયાદ નોંધાવી**

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા એક યુવકે શો રૂમ કરતા ઓછા રૂપીયામાં કાર મેળવવાની લાલચમાં યુવકે રૂ. ૪ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. છ મહિના સુધી કાર કે એડવાન્સ લઈ લીધેલા રૂ.૪ લાખ પરત આપ્યા ન હતા અને રોજ બહાના બતાવતા હતા. જયારે યુવકે કડક ઉઘરાણી કરતા યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આખરે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ ટી.એલ.વાઘેલા ચલાવી રહ્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે રહેતા અને મધુર ડેરીમાં નોકરી કરતા યુવક અજયસિંહ ધર્મેન્દ્રસિંહ ચાવડા (ઉં.વ.૩૧) ના ઘરે નવીન કાર લેવાની હોવાથી ૬ માસથી તેઓ જુદા જુદા શો રૂમની મુલાકાત લેતા હતા અને ગાડીઓ જોતા હતા. આ સમયે તેમનો સંપર્ક બોરીજ ગામે રહેતા રવિરાજસિંહ ડાભી સાથે થયો હતો. તેણે પોતાના મિત્ર ચેતન ઘાટે શો રૂમ કરતા ઓછી કિંમતે કાર અપાવશે તેમ કહી સેકટર-૨૯ પ્લોટ નં.૭૫૧-૨ શિવરંજની ખાતે રહેતા ચેતનનો નંબર આપ્યો હતો. ત્યારબાદ યુવકે ચેતન ઘાડેનો સંપર્ક કરતા અમેઝ ૧.૨ એમટી નવા મોડલની કાર લેવાનું નક્કી કર્યું હતું. ચેતને કાર રૂ.૭ લાખ અપાવી દેવાની વાત કરી હતી. જેમાં નક્કી થયા મુજબ યુવકે ચેતન ઘાટે રૂ.૮૫ હજાર રોકડા અને બાકીના ચેક મળી કુલ રૂ.૪ લાખ આપ્યા હતા. બાકીના ત્રણ લાખ રૂપીયા કારની ડીલીવરી મળ્યા બાદ આપવાનું નક્કી કર્યું હતું. પૈસા મળી ગયા બાદ બંન્ને જણાએ લોન માટે જરુરી ડોક્યુમેન્ટ મંગાવતા યુવકના ભાઈના કાગળો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ થોડા દિવસ પછી કાર અંગે પુછતા વાવોલ એસબીઆઈ બેંકમાં ડોક્યુમેન્ટ પર સહીઓ કરાવવા બોલાવ્યા હતા. ત્યારબાદ દિવસો વિતતા કાર અંગે પુછપરછ કરતા બંન્ને શખ્સોએ યોગ્ય જવાબ આપ્યો ન હતો. ચેતન ઘાટે અને રવિરાજસિંહ બંને રોજ રોજ અલગ અલગ બહાના કરતા યુવક અને તેનો બાઈ સેકટર-૨૯ માં ચેતનના ઘરે ગયા હતા.ત્યારે ચેતન ન હતોપરંતુ તેનો ભાઈ અને અન્ય એક શખ્સ હાજર હતા. પૈસા અંગે વાત કરતા બંન્ને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. તમે બંન્ને ભાઈઓ ગાડી કે પૈસા ભુલી જજો કહી કાઢી મુક્યા હતા અને ફરીથી આવ્યા તો જીવતા પાછા ઘરે નહી જવા દઈએ. જેથી અજયસિંહને ગાડી કે રૂપીયા ૪ લાખ પરત ન મળ્યા પરંતુ તેની ઉઘરાણી કરવા જતા જાનથી મારી નાંખવાની ધમકી મળતા અજયસિંહ સેકટર-૨૧ પોલીસ મથકમાં ચેતન ઘાટે, તેનો ભાઈ, રવિરાજસિંહ ડાભી, અને અન્ય એક અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ચારેય સામે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ ટી.એલ.વાઘેલા કરી રહ્યા છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની ગુરૂવારે માસિક બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માટે મે માસની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨જી મે ના રોજ ગુરૂવારે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૫.૦૦ વાગે સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજા માળે, સેકટર-૨૨માં યોજાશે.

આ બેઠકમાં દર વર્ષની જેમ આ વર્ષે વિદ્યાર્થી સન્માન સમારંભમાની પૂર્વ તૈયારી અંગે ચર્ચા કરવામાં આવશે. આ મહત્વની બેઠકમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોએ હાજર રહેવા પ્રવરમંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસીમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસીમાં તાજેતરમાં ફાર્માક્ષેત્રની અગ્રણીય કંપની મેડિટેબ (ડૉ. કેટાલીસ્ટ) દ્વારા ફાર્મસીના ૮માં સેમેન્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેમ્પસમાં ઈન્ટરવ્યું યોજાયો હતો. આ કેમ્પસ ઈન્ટરવ્યુમાં કોલેજના આશરે ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યું આપ્યો હતો. જેમાંથી કંપનીની પોલીસી મુજબ લેખિત પરીક્ષા, ટેકનીકલ ઈન્ટરવ્યું અને ઈન્ટરવ્યુ એચ.આર. સાથે ત્રણ તબક્કામાંથી પસાર થઈ સંસ્થાના ૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી કંપનીમાં નોકરી પ્રાપ્ત કરી હતી.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર, ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા તથા ફાર્મસીના સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આઈઆઈપીએચ ખાતે "વર્લ્ડ સેફ્ટી એન્ડ હેલ્થ એટ વર્ક ડે"ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ ખાતે તા. ૨૮મી એપ્રિલે "વર્લ્ડ ડે ફોર સેફ્ટી એન્ડ હેલ્થ એટ વર્ક"ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની થીમ "સેફ્ટી એન્ડ હેલ્થ એન્ડ ધ ફ્યુચર ઓફ વર્ક" રાખવામાં આવી હતી જેમાં જાણીતા ઓએસ નિષ્ણાંત તથા એનઆઈઓએસ સંસ્થાના પૂર્વ ડાયરેક્ટર ડૉ. એચ.એન. સૈયદ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

આ ઉપરાંત આઈઆઈપીએસના ડાયરેક્ટર દિલીપ માવલંકર અને સિનિયર ઓએસ સ્પેશિયાલિસ્ટ ડૉ. શ્યામ પિંગલે ઉપસ્થિત રહ્યાં હતા.

# સુજલામ સુફલામ જળ અભિયાન વેગવંતુ બનાવાશે : મુખ્યમંત્રી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાનને પુનઃ વેગવંતુ બનાવી મિશન મોડમાં જળસંચય કામો હાથ ધરવા ઉચ્ચસ્તરીય બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં લોકસભા ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આ અભિયાનને વેગ આપવા તેમણે આજે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને તંત્રવાહકોને દિશા નિર્દેશ આપ્યા હતા.

રાજ્યમાં તા. ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ અભિયાન તહેત ૧૩૮૩૪ કામો ૩૩૦ કરોડના ખર્ચે હાથ ધરાઈ રહ્યા છે.

**મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક : ૧૪ હજાર લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધારવાના લક્ષ્યાંક સાથે ૧૩૮૩૪ કામો ૩૩૦ કરોડના ખર્ચે હાથ ધરાઇ રહ્યા છે : તાલુકા દિઠ પાંચ મોટા તળાવો આદર્શ જળસંચય તળાવ તરીકે વિકસાવવા**

૧૪ હજાર લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધારવાના લક્ષ્ય સાથે આ અભિયાન રાજ્યમાં ઉપાડવામાં આવ્યું છે.

આ અભિયાન અન્વયે મુખ્યત્વે તળાવો ઉંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટીંગ, જળાશય ડીસીલ્ટીંગ, નવા તળાવ, નવા ચેકડેમ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, હયાત ચેકડેમની મરામત, નહેરોની મરામત અને જાળવણી, નદીઓને પુનઃજીવિત કરવી વગેરે કામો હાથ ધરવાનું સઘન આયોજન રાજ્ય સરકારે આ વર્ષે પણ કર્યુ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અભિયાન અંતર્ગત તાલુકા દીઠ જળસંચયના કામોમાં ૫ મોટા તળાવો આદર્શ જળસંચય તળાવ તરીકે વિકસાવવા પ્રેરક સુચન કર્યું હતું.

અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૦૮૮ કામો પુર્ણ થયા છે તથા ૨૯૮૮ કામો પ્રગતિ હેઠળ છે તેમ બેઠકમાં સમીક્ષા દરમ્યાન જણાવવામાં આવ્યું હતું.

રાજ્યમાં સુજલામ સુફલામ નેટવર્ક આધારિત કેનાલ નેટવર્ક ઉપર વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારી શકાય અને જળસ્તર ઊંચા આવે તે માટે પરકોલેશન વેલ નેટવર્ક ઉભું કરવાનું પણ આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના શહેરી વિસ્તારોમાં પણ જળસંચયના આઈ કેચિંગ કામો ત્વરાએ ઉપાડવા આહવાન કર્યું હતું. તેમણે અભિયાનના બાકી રહેલ કામો સત્વરે શરૂ કરી આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન ઘડી કાઢવા પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

## ચિરવિદાય

- જાટકીયા પ્રવિણાબેન અનંતરાય ઉ.વં. ૬૫
- ચુડાસમા અભેસિંહ બાલુભા ઉ.વ. ૬૭